


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૩૫ | ૩ નવેમ્બર, ૨૦૧૮, શનિવાર; આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આપના સારા સ્વાસ્થ્યની શુભેચ્છાઓ...
દિવાળીના તહેવારોમાં એઈમ્સ હોસ્પિટલ, મોડાસા ૨૪x૭ આપની સેવામાં...
ઈમરજન્સી એટલે એઈમ્સ... સંપર્ક : ૮૪૮૭૮૪૯૧૯૨

## ન્યુઝ ટ્રેક

### રામ મંદિર માટે યોજના બનાવાઈ

ભાજપના પ્રદેશ અધ્યક્ષ ડૉ. મહેન્દ્રનાથ પાંડેએ કહ્યુ છે કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રામ મંદિરની યોજના બનાવી છે. સૌને સાથે રાખીને આ વિવાદનો તેઓ ઝડપથી ઉકેલ લાવશે.

### શિવાજી સ્મારક પર સ્ટે નહી

સરદાર પટેલની પ્રતિમાનુ અનાવરણ થયા બાદ હવે છત્રપતિ શિવાજીની મૂર્તિ પર સૌની નજર છે. શિવાજી સ્મારક બનાવવા પર સ્ટેની અરજીની સુનાવણી દરમ્યાન બોમ્બે હાઈકોર્ટે સ્ટે આપવાનો ઈન્કાર કર્યો છે. શિવાજી સ્મારક રૂ. ૩૬૦૦ કરોડમાં બની રહ્યો છે.

### ઈરાનથી ક્રુડ ઓઈલ આયાત કરી શકાશે

ભારત, જાપાન અને સાઉથ કોરિયા સહિત આઠ દેશોને ઈરાનથી ઓઈલ ઈમ્પોર્ટ કરવાની મંજૂરી આપવા માટે અમેરિકા તૈયાર થઈ ગયું છે. આ જાણકારી ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને આપી છે.

# મંદિર માટે વટહુકમ લાવવા સંઘનું દબાણ

**રામ મંદિર મામલે ભાગવત અને અમિત શાહ વચ્ચે બંધ બારણે લાંબી બેઠક : રામ મંદિર અને સબરીમાલા મંદિરને લઇ શ્રદ્ધાળુઓની આસ્થાના મુદ્દે મુખ્ય રીતે ચર્ચા થઇ : એક કલાકથી પણ વધુ સમય સુધી વાતચીતનો દોર ચાલ્યો**

મુંબઈ,તા. ૨

સુપ્રીમ કોર્ટ દ્વારા સૌથી સુધી ટાળી દેવાના નિર્ણય બાદ આ મુદ્દા પર રાજકીય ખેંચતાણ સતત હવે મંદિર નિર્માણનો માર્ગ મોકળો કરવા વટહુકમ લાવવા માટેની માંગ


ફાઈલ ફોટો

સંવેદનશીલ અયોધ્યા વિવાદની સુનાવણી આગામી વર્ષે જાન્યુઆરી વધી રહી છે. સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ સહિતના અનેક સંગઠનો કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભાજપ પ્રમુખ અમિત શાહ અને સંઘના વડા મોહન ભાગવત વચ્ચે યોજાયેલી બંધ બારણેની બેઠકને ઉપયોગી ગણવામાં આવે છે. આ બેઠક એક કલાકથી વધારે સમય સુધી ચાલી હતી. બેઠકમાં રામ મંદિરના મુદ્દા પર વિસ્તારપૂર્વક વાતચીત થઈ હોવાના હેવાલ મળ્યા છે. સંઘ દ્વારા મંદિર નિર્માણના મુદ્દે આક્રમક વલણ અપનાવવામાં આવ્યા બાદ આ બેઠકને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. સંઘ પ્રમુખ અને શાહ વચ્ચે બંધ બારણે આ બેઠક યોજાઈ હતી. સુત્રોના કહેવા મુજબ આ બેઠકમાં રામ મંદિર અને સબરીમાલા મંદિર પર ચર્ચા કરવામાં આવી હતી. ભાગવત અને શાહ વચ્ચે આ બેઠકમાં અન્ય પાસા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. સંઘ પ્રમુખ ભાગવતે વિજયાદશમીના પ્રસંગે પોતાના સંબોધનમાં ફરી એકવાર રામ મંદિર નિર્માણની વાત કરી હતી. ભાગવતે કહ્યુ હતુ કે આના માટે સરકારે જરૂર પડે તો કાનુન બનાવવા માટે પ્રયાસ કરવા જોઈએ. ભાજપ પ્રમુખ અમિત શાહ પણ આ મુદ્દે જાહેરમાં નિવેદન કરી રહ્યા છે. ગયા મહિના અમિત શાહે કહ્યુ હતુ કે તેમની ઈચ્છા છે કે રામ મંદિરનુ નિર્માણ ૨૦૧૯થી શરૂ કરી દેવામાં આવે. મોદી સરકાર પર હવે દબાણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આગામી દિવસોમાં વટહુકમને લઈને કોઈ નિર્ણય કરવામાં આવી શકે છે.શિવ સેના અને એનડીએના અન્ય સાથી પક્ષો પણ મોદી પર હવે દબાણ લાવી રહ્યા છે. કોર્ટમાં મામલો સતત ખેંચાઈ રહ્યો છે. અમિત શાહ પોતે કહી ચુક્યા છે કે, વિવાદાસ્પદ જમીનના માલિકી હકના સંદર્ભમાં

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં એર પોલ્યુશન ખતરનાક સપાટીને પાર

**જૂનાં વાહનો જપ્ત કરવાનું શરૂ**

ન્યુ દિલ્હી,તા. ૨

દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણે માઝા મૂકી છે. એર પોલ્યુશન ખતરનાક સપાટીને પાર કરી ગયું છે. માત્ર એર કવોલિટી ઈન્ડેકસ (એકયુઆઈ) ખતરનાક સપાટીને પાર જ કરી ગયો નથી, પરંતુ વાતાવરણમાં પીએમ ૧૦ અને પીએમ ૨.૫ જેવા નુકસાનકારક તત્ત્વોનું પ્રમાણ પણ સુરક્ષિત સ્તરથી અનેકગણું વધી ગયું છે.

હવામાન અને પ્રદૂષણ પર નજર રાખતી સિસ્ટમ સફર દ્વારા રવિવાર સુધીમાં પોલ્યુશનની સમસ્યા વધુ ગંભીર બની જશે એવી ચેતવણી આપી છે. દિલ્હીમાં ખતરનાક સ્તરે પોલ્યુશન પહોંચી જતાં તમામ બાંધકામ કાર્યો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ડેટા અનુસાર દિલ્હીની એર કવોલિટીનો સરેરાશ ઈન્ડેકસ ૩૯૩ નોંધાયો છે જે અત્યંત ખરાબ કેટેગરીમાં આવે છે અને ગંભીર કેટેગરીની સાવ નજીક છે.




# દસોલ્ટના નાણાથી અંબાણીએ જમીન ખરીદી : રાહુલ

**રાફેલ ડિલમાં દસોલ્ટ કંપની મોદીને બચાવી જ રહી છે : અંબાણીની આઠ લાખની કંપનીને કુલ ૨૮૪ કરોડ રૂપિયા અપાયા હતા જેના આધાર ઉપર જમીનની ખરીદી કરાઈ**

નવી દિલ્હી, તા. ૨

રાફેલ ડિલને લઈને કોંગ્રેસ પ્રમુક રાહુલ ગાંધીએ મોદી સરકાર ઉપર આજે ફરીવાર પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, રાફેલ બનાવનાર કંપની દસા એવિએશનના સીઈઓ દ્વારા કહેવામાં આવ્યું છે કે, અનિલ અંબાણીની કંપનીને ઓફસેટ પાર્ટનર બનાવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કારણ કે તેમની પાસે જમીન હતી. કોંગ્રેસ પ્રમુખે આક્ષેપ કર્યો હતો કે, દસાએ ૨૮૪ કરોડ રૂપિયા આપ્યા હતા અને અંબાણીને આજ પૈસામાં જમીનની ખરીદી કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ કંપની બચાવી રહી છે. બાબતને લઈને ચિંતા સતાવી રહી છે કે, તપાસ થશે તો ફસાઈ જશે.



અનિલ અંબાણીને પૈસા આપવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ પ્રહાર કરતા કહ્યું હતું કે, આ કંપની મોદીને બચાવી રહી છે. જો તપાસ થશે તમ મોદી ટકી શકશે નહીં. તેમને આ રાહુલ ગાંધીએ દસ્તાવેજો બતાવીને આક્ષેપ કર્યા છે કે, અનિલ અંબાણીની એજ કંપનીને દસા તરફથી ૨૮૪ કરોડ રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર

### સુપ્રિમ કોર્ટના નિર્ણયો હવે હિન્દીમાં

સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ કહ્યુ છે કે સુપ્રિમ કોર્ટના જજમેન્ટ હવે અંગ્રેજીમાંથી હિન્દીમાં ટ્રાન્સલેટ કરવામાં આવશે. ત્યારબાદ અન્ય ક્ષેત્રિય ભાષાઓમાં અનુવાદનો પ્રયાસ કરાશે.

### વસુંધરા રાજેને સુપ્રિમની નોટિસ

વિધાનસભા ચૂંટણી પહેલા મુખ્યમંત્રી વસુંધરા રાજેને સુપ્રિમ કોર્ટે નોટિસ ફટકારી છે. કોર્ટે રાજે અને તેમના દિકરા દુષ્યંતસિંહને જમીન મામલે નોટિસ પાઠવી છે.




આજે જ પધારો...
પ્લોટ નં. ૧૫૨૪, આપના બજાર પાસે, જલારામ હોસ્પિટલની બાજુમાં, સેકટર - ૬, ગાંધીનગર
નં. ૯૭૨૫૭ ૨૨૨૨૪ | ૯૮૨૫૭ ૨૨૨૨૪

હોલસેલના ભાવે રીટેલમાં
આસ્વાદ મઠીયા
રૂ.૧૫૦/-Kg
રવિવારે ચાલુ
રૂપલ કોમ્પ્યુટર
રવિવારે ચાલુ
● યુકો બેંકની બાજુમાં, ઘ-૫, સેક્ટર-૧૬, ગાંધીનગર
● પ્લોટ નં. ૧૬૦/૨, આનંદવાટીકા, સે.૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




જયશ્રી સ્વામીનારાયણ
૩૨ વર્ષથી અવિરત સેવા આપતી પાટનગર મધ્યે નવા રૂપ-રંગ સાથે ગુજરાતી થાળીની મીજબાની માણવાનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ
હોટલ ગોકુલ
ડાઈનીંગ હોલ એન્ડ ગેસ્ટ હાઉસ
ગુજરાતી થાળી, જૈન થાળી, સ્વામીનારાયણ થાળી તથા ટીફીન, ફીક્સ પાર્સલ મળશે.
એસી / નોન એસી રૂમ ઉપલબ્ધ
પ્લોટ નં. ૪૩૭, એક્સીસ બેંકની બાજુમાં, ઘ-રોડ, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨૪૮૬૨૮
મોબાઈલ : ૯૯૨૪૯ ૪૮૬૨૮

